ગાંધીનગર સમાચાર

રજાના દિવસે ફરજરત પોલીસ અને એસટી વિભાગના કર્મચારીઓ સાથે

# જી ઈ ક્લબનો નિયમિત રક્ષાબંધન ઉપક્રમ






નગરની જાણીતી સ્વૈચ્છિક સંસ્થા ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી પ્રતિવર્ષની માફક ફરજરત કર્મચારીઓને રાખડી બાંધીને કરવામાં આવી હતી. ગાંધીનગર એસટી ડેપો ખાતે ફરજરત રાજ્ય વાહનવ્યવહાર વિભાગના કર્મચારીઓ, સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના સ્ટાફ ઉપરાંત પોલીસ ઈન્સ્પેક્ટર ટી આર ભટ્ટ, સબ ઈન્સ્પેક્ટર એન એન શર્મા તથા ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાને પણ રાખડી બાંધીને તેમની સલામતીની કામના અભિવ્યક્ત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે કુ. રિયા કશ્યપ નિમાવત છેલ્લાં ૧૦ વર્ષથી નિયમિતપણે રક્ષાબંધન નિમિત્તે એસટી તથા પોલીસ વિભાગના ફરજરત કર્મચારીઓને રાખડી બાંધવાની પ્રથા જાળવી રહ્યાં છે.

## જન્મદિને વધામણી



રાહુલ સુખડિયા
રાધે-રાધે ગ્રૃપ



યોગેશ પ્રતાપરાય ત્રિવેદી
નાટ્ય-ફિલ્મ કલાકાર



ફેની બી પોપટ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક




મેજિક હેટ પ્રિસ્કૂલ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી અનન્ય ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. ભૂલકાઓ સ્વતંત્રતા સેનાનીઓની વેશભૂષા ધરીને શાળામાં આવ્યાં હતાં, જેમણે દેશભક્તિ ગીતો અને ડાન્સથી વાતાવરણને દેશભક્તિથી સભર બનાવી દીધું હતું.

## ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદિક સાયન્સીસ ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૮

૭૩માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપ ૧૫મી ઓગષ્ટ ૨૦૧૯ના દિવસે સ્ટેટ મોડેલ આયુર્વેદ ઈન્સ્ટીટ્યુટ, કોલવડા ખાતે ભવ્ય આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં અધિક મુખ્ય સચિવ પુનમચંદ પરમારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આયુષ કચેરી ગાંધીનગરના નિયામક વૈદ્ય ભાવનાબેન પટેલ, મદદનીશ નિયામક, વૈદ્ય હેમંતભાઈ જોષી, નાયબ નિયામક, તાલીમ અને સંશોધન, વૈદ્ય ફાલ્ગુનભાઈ પટેલ, સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ વૈદ્ય પારૂલબેન જોષી, કોલવડા ગામના સરપંચ રમેશભાઈ પટેલ, નાયબ સરપંચ, પ્રાથમિક શાળાના આચાર્ય વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન હોસ્પિટલ ખાતે દર્દીઓના આરોગ્ય અને સુખાકારી માટે પુનમ નિમિત્તે ભગવાન ધન્વતંરી યજ્ઞ રાખવામાં આવેલ. સ્વાતંત્ર્યદિનની ઉજવણી સાથે નાના બાળકોને સુવર્ણપ્રાશન, રક્ષાબંધન, વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. કાર્યક્રમમાં કોલવડા ગામના પ્રજાજન, અમદાવાદ, ગાંધીનગર મહેસાણા જિલ્લાના તમામ મે.ઓ.શ્રીઓ તથા કોલવડા આયુર્વેદ કોલેજ હોસ્પિટલ તથા આયુષ કચેરીના કર્મચારી-અધિકારીઓએ હાજરી આપેલ હતી.

## શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના તમામ કર્મચારીગણે હાજરી આપી ધ્વજવંદન કર્યુ હતુ. ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ભારતના જુદા જુદા રાષ્ટ્રીય પ્રતીકોની કલાકૃતિનું સર્જન કરી તેને સુશોભિત કરવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર રાષ્ટ્રીય પ્રતીકો બનાવ્યા હતા અને તેને ધાન્ય, કઠોળ, પુષ્પ, કાપડ વગેરે જેવી વસ્તુઓથી સુશોભિત કરી પોતાનામાં રહેલી દેશપ્રેમની ભાવના વ્યક્ત કરી હતી.

શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાયેલ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્યદિનની શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

## રેડિયન્ટ સ્કૂલમાં મહિલા જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, સરગાસણ ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ધોરણ-૭થી ૧૨માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થિનીઓને ટીન્ઝ એરિઝ નામક સરકારી કંપનીમાંથી આવેલાં પ્રતિનિધિ રૂપલ અમીન દ્વારા ગાયનેક સમસ્યાઓ અંગે વિસ્તારથી જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત બજારમાં મળતાં પ્લાસ્ટીકના મહત્તમ




ઉપયોગવાળાં સેનીટરી નેપકિનથી થતી બીમારીઓથી અવગત કરાવી તેવાં સેનેટરી નેપકીનનો ત્યાગ કરીને એરીઝ સેનેટરી નેપકીન જેવા કોટનવાળાં નેપકિનનો ઉપયોગ કરવાની સલાહ તેમણે વિદ્યાર્થિનીઓને આપી હતી.

સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ આ કાર્યક્રમને બિરદાવ્યો હતો અને દીકરીઓ નિરોગી રહે તે માટે તમામને આ કાર્યક્રમમાં જણાવેલી બાબતોનું અનુસરણ કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા

# રાજ્ય અનામત પોલીસ દળના જવાનોને રક્ષાનું બંધન




ગાંધીનગર, તા. ૧૮

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ, જૂથ-૧૨ના જવાનોને રાખડી બાંધી તેમના સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને સુરક્ષાની કામના કરવામાં આવી હતી. મહિલા પીએસઆઈ હેતલબેન લેખીલ, એસડીઆરએફ કંપની કમાન્ડર શ્રી પાંડર અને એનએસએસ યુનિટના પ્રૉજેક્ટ ઑફિસર ડૉ. નરેન્દ્ર કે પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. એનએસએસ યુનિટની ૫૦થી વધુ વિદ્યાર્થિનીઓએ જવાનોને રાખડી બાંધી હતી. અનામત પોલીસ દળ દ્વારા વિદ્યાર્થિનીઓને વ્યાવસાયિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તથા તેમને દળ દ્વારા યોજવામાં આવતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાવા માટે આહ્‌વાન પણ કરવામાં આવ્યું હતું.

## કાળો કાંઠલો

॥ ત્રીજો મણકો ॥

અદાલતના ધારાઓમાં કાળાધોળાનો ભેદ નથી. અમને મિ.ગાંધીને વકીલાત કરતાં રોકવાનો અધિકાર નથી. અરજી મંજૂર કરવામાં આવે છે. મિ.ગાંધી, તમે સોગન લઈ શકો છો.'

હું ઉઠ્યો. રજિસ્ટ્રાર આગળ સોગન લીધા. લીધા કે તરત વડા જડજે કહ્યું, 'હવે તમારે તમારી પાઘડી ઉતારવી જોઈએ. વકીલ તરીકે વકીલોને લગતો પોશાક વિષેનો અદાલતી નિયમ તમારે પણ પાળવો રહ્યો છે!'




હું મારી મર્યાદા સમજ્યો. ડરબનના મેજિસ્ટ્રેટની કચેરીમાં જે પાઘડી પહેરી રાખવાનો મેં આગ્રહ રાખ્યો હતો તે મેં અહીં ઉતારી. ઉતારવાની સામે દલીલ તો હતી જ. પણ મારે તો મોટી લડતો લડવી હતી. પાઘડી પહેરી રાખવાની હઠ કરવામાં મારી લડવાની કળાની સમાપ્તિ નહોતી. કદાચ તેને ઝાંખપ લાગત.

અબદુલ્લા શેઠ અને બીજા મિત્રોને મારી નરમાશ (કે નબળાઈ?) ન ગમી. મારે વકીલ તરીકે પણ પાઘડી પહેરી રાખવાનો આગ્રહ રાખવો જોઈતો હતો એમ તેમને લાગ્યું. મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો. 'દેશ તેવો વેશ' એ કહેવતનું રહસ્ય સમજાવ્યું. હિંદુસ્તાનમાં પાઘડી ઉતારવાની ફરજ ગોરા અમલદાર કે જડજ પાડે તો તેની સામે થવાય. નાતાલ જેવા દેશમાં અને તે અદાલતના એક હોદ્દેદાર તરીકે મને અદાલતના રિવાજનો એવો વિરોધ કરવો શોભે નહીં.

આ અને આવી દલીલોથી મિત્રોને કંઈક શાંત તો કર્યા, પણ હું નથી માનતો કે એક જ વસ્તુને જુદા સંજોગોમાં જુદી રીતે જોવાની યોગ્યતા, આ પ્રસંગે, હું તેઓને સંતોષ વળે તેમ ઠસાવી શક્યો. પણ મારા જીવનમાં આગ્રહ અને અનાગ્રહ હંમેશાં સાથે સાથે જ ચાલતા આવ્યા છે. સત્યાગ્રહમાં આ અનિવાર્ય છે એમ મેં પાછળથી અનેક વેળા અનુભવ્યું છે. આ સમાધાનવૃત્તિને સારુ મારે જીવનું જોખમ અને મિત્રોનો અસંતોષ ઘણી વેળા ખેડવાં પડ્યાં છે. પણ સત્ય વજ્ર જેવું કઠણ છે ને કમળ જેવું કોમળ છે. વકીલસભાના વિરોધે દક્ષિણ આફ્રિકામાં મારી બીજી જાહેરખબરની ગરજ સારી. ઘણાંખરાં છાપાંઓએ મારી સામેના વિરોધને વખોડ્યો ને વકીલો ઉપર ઈર્ષાનો આરોપ મૂક્યો. આ જાહેરાતથી મારું કામ કેટલેક અંશે સરળ થયું.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર



કલોલ તાલુકાની કોઠા પ્રાથમિક શાળા ખાતે આચાર્ય સંજય ભગોરાના વડપણ હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં આ પ્રસંગે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લઈ ૧૦૪ જેટલા વિદ્યાર્થીઓએ સુંદર રાખડીઓનું સર્જન કર્યું હતું. ૧૧ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરાયા હતા. વિદ્યાર્થીઓએ ગીતોની રજૂઆત પણ કરી હતી.